National Literacy Trust
Change your story



10-24 મહિનાની ઉંમરના બાળકોના કુટુંબો માટે આદર્શ.

# તેઓનીવાતનીશરૂઆત તમારાથી થાય છે

તમારા બાળક સાથે વાત કરવી અને તેઓને સાંભળવાથી બિલકુલ પ્રારંભથી તેઓની વાતચીતની આવડતો વિકસાવવામાં મદદ મળે છે.
રોજિંદી નાની નાની ક્ષણોમાંથી મહત્તમ સાથે માણવા આ કાર્ડ્સ પરના સૂચનોનો ઉપયોગ કરો.

આમાંભાગીદારછે

Better Health Start for Life



# કપડાં પહેરવા

તમારું બાળક કપડાં પહેરે ત્યારે, શરીરના ભાગો અને તેઓ દ્વારા પહેરાતા કપડાંનું નામ કહેવાથી તેઓને નવા શબ્દો શીખવામાં મદદ મળે છે.

# કપડાં પહેરતી વખતે ગપસપ કરવાના સૂચનો

વર્ણન કરતા શબ્દો ઉપયોગમાં લેવાનો પ્રયત્ન કરો.

"મને તમારું પટ્ટાવાળુ લીલું જમ્પર ગમે છે."

શરીરના જુદા જુદા ભાગો પર આંગળી ચિંધો.

"તમારી ટોપી તમારા માથા પર જાય છે."

તમારા બાળકને પસંદગીઓ આપો.

"તમને સ્ટ્રિપી ટોપ કે સ્પોટી ટોપ કયું પહેરવું ગમશે?"





# ભોજન સમયે

ભોજન સમયે, તમારું બાળક શું ખાઈ અને કરી રહ્યું છે તે વિશે ગપસપ કરવાથી તેઓને તે શબ્દોના અર્થ સમજવામાં મદદ મળશે.

# ભોજન સમયે ગપસપ કરવા માટેના સૂચનો

શક્ય હોય ત્યારે સાથે જમો અને ખોરાક વિશે વાત કરો.

"મને આ કેળુ ગમે છે. તે સ્ક્વિશી છે!"

સરખા શબ્દો કે ફકરાઓનું દરરોજ પુનરાવર્તન કરો.

"હું તમારા બાઉલમાં થોડુંક સીરીલ રેડું છું."

તેઓને કાર્યોમાં મદદરૂપ થવા પ્રોત્સાહિત કરો.

"શું તમે મહેરબાની કરીને, તમારી પ્લેટ બહાર કાઢી શકો છો?"





# ઘરે

તમે ઘરની આસપાસ અને તમે બંને કરી રહ્યાં હો તે વિશે વાત કરતા હો ત્યારે, તમે તમારા બાળકને અવાજો અને શબ્દો શીખવામાં મદદ કરી શકો છો.

# ઘરે હો ત્યારે ગપસપ કરવા માટેના સૂચનો

તેઓને જેમાં રસ હોય તે ધ્યાનમાં લો.

"તમે ઘણી વસ્તુઓ તે ખોખામાં મૂકી રહ્યાં છો, તમે તે લગભગ ભરી દીધું છે."

તમે કરી રહ્યાં હો તે વિશે વાત કરો.

"આપણે જતા પહેલાં એ ખરીદવાની વસ્તુઓની યાદી બનાવીએ."

તેઓ મદદ કરી શકે તેવા કામો શોધી કાઢો અને તેઓ શું કરી રહ્યાં છે તે સમજાવો.

"તમારા મોજા વોશિંગ મશીનમાં મૂકવા બદલ તમારો આભાર."





# બહાર કામ માટે જવું

તમે બહાર કોઇ કામ માટે ગયા હો ત્યારે, તમારા બંનેના ધ્યાનમાં આવતી બાબતો વિશે વાત કરવાથી બાળકોને નવા શબ્દો શીખવામાં મદદ મળશે.

# બહાર કોઇ કામ માટે ગયા હો ત્યારે ગપસપ કરવા માટેના સૂચનો

તમારા જોવામાં આવે તે વિશે વાત કરો.

“લાલ બસ જુઓ. મને આશ્ચર્ય થાય છે કે તે લોકો ક્યાં જઈ રહ્યાં છે?”

તેઓના ધ્યાનમાં આવતી બાબતો વિશે વાત કરો.

“તમે એક ગોકળગાય શોધી છે. ચાલો જોઇએ શું આપણે વધારે કોઈ શોધી શકીએ છીએ.”

વાતચીત શરૂ કરવા તમારી ઇન્દ્રિયોનો ઉપયોગ કરો.

“આપણે પાંદડાઓનો ભૂકો બનાવી રહ્યાં છીએ, શું તમે તે સાંભળી શકો છો?”





# સ્નાન સમય

તમારા બાળકને સ્નાન કરાવો ત્યારે તેઓ સાથે ગપસપ કરવાથી તેઓને અવાજો કાઢવાનો મહાવરો કરવામાં અને શબ્દો બનાવવામાં મદદ મળે છે.

# સ્નાન સમયે ગપસપ કરવા માટેના સૂચનો

તમારું બાળક નહાવાના રમકડાઓ સાથે શું કરે છે તેનું વર્ણન કરો.

“તમે પાણી બહાર ઢોળ્યું છે. તે ભરેલું હતું અને હવે તે ખાલી થયું છે.”

તમે કરી રહ્યાં હો તે વિશે વાત કરો.

“ચાલો હવે તમારા અંગૂઠા કોરા કરીએ. શું આ ટુવાલ નરમ લાગે છે?”

તમારા બાળકે કાઢેલા અવાજો અને કહેલા શબ્દોનું પુનરાવર્તન કરો.

બાળક: “પૉપ, પૉપ.”

પુખ્ત વ્યક્તિ: “પૉપ, પૉપ, આપણે બધાં પરપોટાઓ કાઢી રહ્યાં છીએ.”





# સૂવાના સમયે

તમે વાર્તાઓ કહો અને તમારા મનપસંદ ગીતો સાથે મળીને ગાવ ત્યારે, તમે તમારા બાળકને નવા શબ્દો શીખવો છો.

# સૂતી વખતે ગપસપ કરવા માટેના સૂચનો

તેઓને શું વાંચવાનું પસંદ કરવું
તે માટે પ્રોત્સાહિત કરો.
“આપણે કયા પુસ્તકો આજે
રાત્રે જોઇશું?”

નર્સરીની કવિતા કે લોરી
ગાવાનો પ્રયત્ન કરો.
“ઇન્સી વિન્સી સ્પાઇડર ક્લાઇમ્બ્ડ
અપ ધ વોટર સ્પાઉટ…”

ચિત્રો વિશે ગપસપ કરો.
“આ જીરાફ બહુ ઊંચું છે!
શું તે અહીં બંધબેસતું થશે?”

# તમારા બાળકને વાતચીત કરવામાં મદદ માટે કેટલાક સૂચનો અહીં જણાવ્યા છે:

- તમારા બાળકે કહ્યું હોય તે, તેમજ તેઓના ઘોંઘાટો અને ચહેરાના હાવભાવોને પ્રતિભાવ આપીને બાળક સાથે 'વાતચીત' કરો. થોભવાનું યાદ રાખીને તમે બોલવાનું બંધ કર્યું હોય ત્યારે તેઓને પ્રતિભાવ આપવા સમય આપો.
- તેઓ શેની પર આંગળી ચિંધે કે જુએ છે તે જોવાનો, અને તે વસ્તુઓ વિશે વાત કરવાનો પ્રયત્ન કરો.
- આખા દિવસ દરમિયાન વાત કરવાની, ગાવાની, વાંચવાની અને રમવાની નિયમિત તકો શોધી કાઢો.
- તમે નાની નાની ક્ષણોમાંથી મહત્તમ સાથે માણો છો ત્યારે, તમે બહુ પ્રારંભથી તેઓની વાતચીત આવડતો વિકસાવવા પ્રયત્ન કરો છો.

આ ડિલ્પાદ એક રમકડું નથી.

f /nationalliteracytrust   @Literacy_Trust   X @Literacy_Trust

વધુ પ્રવૃત્તિઓ માટે, કૃપા કરી વેબસાઇટ જુઓ, wordsforlife.org.uk

The National Literacy Trust (નેશનલ લિટરસી ટ્રસ્ટ) એક નોંધાયેલી ચેરિટી છે જેનો નંબર છે, 1116260 (ઇંગ્લેન્ડ અને વેલ્સમાં) અને SC042944 (સ્કોટલેન્ડમાં).